જાહેર ખબર

(વાહન હરાજીથી વેચવાનું છે.)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તકનું મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) કાર નં. જીજે–૧૮–જી–૨૦૬૪ મોડેલ નં. ૨૦૦૬ છે. આ કાર નવા સચિવાલયના પાર્કિંગમાં હાલમાં બંધ હાલતમાં છે. તેવી જ હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે.

વાહન સરકારી કામકાજના દિવસોમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઉપસચિવશ્રી (મહેકમ) બ્લોક નં. ૫/૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને નવા સચિવાલયના પાર્કિંગમાં જોઈ શકાશે, આ અંગેના ભાવો તા. ૦૯/૦૩/૨૦૧૭ સુધીમાં સીલબંધ કવરમાં નીચે જણાવેલ કચેરીને R.P.A.D થી કવર ઉપર "વાહન વેચાણના ભાવ" એમ દર્શાવી મોકલી આપવાના રહેશે, સીલ બંધ કવરો તા. ૦૯/૦૩/૨૦૧૭ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે ખોલવામાં આવશે, સ્વિકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે, જે પાર્ટીનું ભાવપત્રક સ્વિકારવામાં આવશે, તે પાર્ટીએ ગાડી દીઠ ભાવની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર વાણિજયક વેરો ભરવાનો રહેશે, આ કારની તળીયાની કિંમત રૂા. ૬૫,૦૦૦/– છે. ગાડીનું નવું રજીસ્ટ્રેશન સબંધિત પાર્ટીએ કરાવ્યા બાદ જ ગાડીનો કબજો સોંપવામાં આવશે, અન્ય શરતો www.sje.gujarat.gov.in પર જોઈ શકાશે અને રૂબરૂ વાંચી સંભાળવામાં આવશે,

( એમ.એલ.ભગોરા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક:રદબ/૧૦૨૦૧૫/૪૦૪૬૭૭/સ્ટોર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૨/૨૦૧૭
2 2 FEB 2017

પ્રતિ,
સચિવાલયના સર્વે વિભાગો,
કલેકટરશ્રી કલેકટરની કચેરી, ગાંધીનગર.
આ જાહેરાત આપની કચેરી નોટીશ બોર્ડ પર મૂકવાની વિનંતી સહ.
સીસ્ટમ મેનેજર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઈટ પર મૂકવાની વિનંતી સહ.

આપનો વિશ્વાસુ,

( એમ.એલ.ભગોરા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# <u>ટેન્ડર કમ જાહેર હરાજી</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) કાર નં. જીજે–૧૮–જી–૨૦૬૪ જેની અપસેટ કિમંત રૂા. ૬૫,૦૦૦/– નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક ૬,૫૦૦/– મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફટ/ફીકસ ડીપોઝીટ રસીદ સાથે સીલ બંધ કવરમાં તા. ૬/૩/૨૦૧૭ સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. ટે. નં. ૨૩૨૫૧૨૦૯ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નકકી કરવામાં આવેલ તળીયાની કિમંત (Up set Price)થી ઓછી કિંમતના ટેન્ડર લક્ષમાં લેવામાં આવશે નહીં. આ વાહનની જાહેર હરાજી જે વ્યકિત/પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હાજરીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૯/૩/૨૦૧૭ના રોજ ૧૨.૩૦ કલાકે યોજવામાં આવશે, હરાજીની શરતો આ વિભાગની વેબ સાઈટ www.sje.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે.

( એમ.એલ.ભગોરા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) કાર નં. જીજે–૧૮–જી–૨૦૬૪ની ટેન્ડર/હરાજીની શરતો :–

૧. વિભાગની મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) કાર નં. જીજે–૧૮–જી–૨૦૬૪ ૨૦૦૬નું મોડેલ છે. જેની ખરીદી કર્યાને ૧૦ વર્ષ પુરા કરેલ છે.

૨. આ વાહનની તળિયાની કિંમત રૂા. ૬૫,૦૦૦/– નકકી કરવામાં આવેલ છે.

૩. આ વાહનની ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાનો હોઈ, રૂા. ૬,૫૦૦/–ના રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફટ/ફીકસ ડીપોઝિટ રસીદ સાથે તા. ૦૮/૦૩/૨૦૧૭ સુધીમાં શ્રી એચ.જી.ભાભોર, સંયુકત સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે સીલ બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

૪. નકકી કરવામાં આવેલ તળીયાની કિંમત કરતાં ઓછી કિંમતના ભાવપત્રક લક્ષમાં લેવામાં આવશે નહીં.

૫. હરાજીમાં જે પાર્ટી/વ્યકિતઓએ ભાવપત્રકો રજુ કરેલ હોય અને ભાવપત્રક સાથે બાનાની રકમ રૂા. ૬,૫૦૦/– બેંક ડ્રાફટ અથવા ફીકસ ડીપોઝિટ રજુ કરેલ હશે તે જ ભાગ લઈ શકશે.

૬. જાહેર હરાજીના પ્રસંગે તળિયાની કિંમત અથવા બંધ કવરમાં મળેલ અપર ભાવો પૈકી જે રકમ ઉંચી હશે, તે રકમથી તે બોલીની શરૂઆત કરવાની રહેશે.

૭. વાહનની હરાજી શરૂ થયે દરેક તબકકે રૂા. ૧,૦૦૦/–ના વધારા કરતાં ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

૮. જાહેર હરાજી/અગર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે, તેઓએ તુર્ત જ સ્થળ ઉપર ૨૫ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે, બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન–૭માં ભરવાની રહેશે, સદર રકમ સમય મર્યાદામાં ભરપાઈ ન થયે બાના સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૯. જે પાર્ટી/વ્યકિતના ભાવ સ્વીકારવા પાત્ર બનેલ ન હોઈ, તેઓએ ડીપોઝિટની રકમ તુરત જ પરત મેળવીને લેવાની રહેશે.

૧૦. જે રકમની ઓફર મંજુર થાય તેમણે હુકમની તારીખથી દિન–૭માં વાહન જે સ્થિતિમાં હશે, તે જ સ્થિતિમાં જે તે સ્થળેથી તેમના ખર્ચે અને જોખમે લઈ જવાનું રહેશે.

૧૧. જેની ઓફર મંજુર થાય તે વાહન વેચાણ રાખનારે તેમણે ભરેલ ભાવો ઉપરાંત વેચાણવેરાના નિયમ મુજબ વેચાણવેરાની રકમ અલગ ભરવાની રહેશે.

૧૨. ટેન્ડર ફીની રકમ પરત આપવામાં આવશે નહીં.

૧૩. વાહનની તળિયાની કિમંત કરતાં ઓછા ભાવ ભરનાર ઈજારદારની બાના ડીપાઝિટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૪. ટેન્ડરો સ્વીકારવાની તેમજ ખોલવાની આખરી સત્તા આ માટે નિયુકત કરેલ સમિતિની રહેશે.

૧૫. આવેલ ઓફરો અથવા હરાજીમાં આવેલ છેવટની બોલી મંજુર કરવી/ન કરવી તે અંગેનો છેવટનો નિર્ણય વિભાગના અગ્ર સચિવશ્રી (સા.ન્યાય)નો રહેશે જે તમામને બંધનકર્તા રહેશે.

( એમ.એલ.ભગોરા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ